પાલી ગામમાં 5 વર્ષીય બાળક પર લોખંડનો ગેટ પડતાં મોત

સોમવારની બપોરે શનિ સોસાયટીના ગેટ પાસે રમી રહ્યો હતો ત્યારે ઘટના બની

બે માસ પહેલાં માતા રોજગારીની શોધમાં બે બાળકને લઈને સુરત આવી હતી

સુરતઃ પાલીગામ વિસ્તારમાં એક કરુણ અકસ્માતમાં પાંચ વર્ષના માસૂમ બાળકનું મોત નીપજ્યું હતું. સોસાયટીનો જર્જરિત લોખંડનો ગેટ અચાનક બાળકના માથા પર પડતાં તેને ગંભીર ઈજા પહોંચી હતી. સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, મૂળ બિહારના વતની અને હાલ સચિન જીઆઈડીસીના પાલીગામ ખાતે છોટુ કાકાની વાડી પાસે આવેલ મહાવીર પેલેસ સોસાયટીમાં રહેતા શનિ શત્રુગ્ન મંહતો તેની માતા સાથે રહેતો હતો. પિતાના અવસાન બાદ શનિની માતા મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

રોજગારીની શોધમાં માતા આશરે બે મહિના પહેલાં જ પોતાના બે સંતાનને લઈને સુરત આવી હતી. સોમવારે બપોરના સમયે શનીની માતા ઘરની બહાર બેઠી હતી, જ્યારે શની સોસાયટીના ગેટ પાસે રમી રહ્યો હતો. દરમિયાન જર્જરિત હાલતમાં રહેલો લોખંડનો ગેટ અચાનક તુટીને શનીના માથા પર પડ્યો હતો. ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

ત્યારબાદ વધુ સારવાર માટે 108 એમ્બ્યુલન્સ મારફતે શનીને મરોલી CHC ખાતે લઈ જવામાં આવ્યો હતો. જ્યાં, ફરજ પરના તબીબે તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો હતો. માસૂમ શનીના મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું હતું અને સોસાયટીમાં પણ શોકનો માહોલ છવાઈ ગયો હતો. સમગ્ર બનાવ અંગે સચિન જીઆઈડીસી પોલીસે તપાસ હાથ ધરી છે.

સુરત એરપોર્ટના કારના પાર્કિંગ ચાર્જમાં ભારે ગોટાળાના આક્ષેપો

સમય સરખો, વસૂલાત બમણી

4 લેનની એન્ટ્રી-એક્ઝિટ છતાં માત્ર એક જ લાઇન કાર્યરત, કોન્ટ્રાક્ટરની 'એક એન્ટ્રી-એક્ઝિટ'ની દલીલ સામે AAIની કામગીરી સામે સવાલો

મુસાફરોની માંગ : પાર્કિંગ વ્યવસ્થા સંપૂર્ણ ઓટોમેટેડ અને પારદર્શક બનાવો

મુસાફરોની અપેક્ષા છે કે, સુરત જેવા ઝડપથી વિકસતા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પાર્કિંગ વ્યવસ્થા પણ આધુનિક અને પારદર્શક હોવી જોઈએ. દરેક વાહનનો એન્ટ્રી અને એક્ઝિટ સમય ઓટોમેટિક રીતે નોંધાય, ચાર્જ સિસ્ટમ દ્વારા આપમેળે નક્કી થાય અને વાહનચાલકને સ્પષ્ટ ડિજિટલ રસીદ આપવામાં આવે તો ઓવરચાર્જિંગની શક્યતા ઘટાડી શકાય. સુરતના લોકોનો સીધો સવાલ છે કે, જ્યારે એરપોર્ટનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારીને ચાર લેન કરવામાં આવ્યું છે, ત્યારે પાર્કિંગ વ્યવસ્થા હજુ એક જ લાઇન પર કેમ અટકી છે? અને જો એક જ કાર પાસેથી એક જ સમય માટે બે ગણો ચાર્જ વસૂલાય છે તો તેની જવાબદારી કોની?

સુરતઃ સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પાર્કિંગ ચાર્જને લઈ ફરી એક વખત મુસાફરો અને વાહનચાલકોમાં રોષ જોવા મળી રહ્યો છે. એક જ વાહનને સમાન સમયગાળા માટે ક્યારેક બમણા પાર્કિંગ ચાર્જ વસૂલવામાં આવતા હોવાના ફરિયાદો ઊઠી છે. બીજી તરફ ચાર લેન ઉપલબ્ધ હોવા છતાં પાર્કિંગ કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર એક જ લાઇન ચલાવવામાં આવતી હોવાના કારણે ટ્રાફિક અને પાર્કિંગ વ્યવસ્થાને લઈને પણ પ્રશ્નો ઊભા થયા છે.

AAIની સત્તાવાર માહિતી મુજબ સુરત એરપોર્ટ પર હાલમાં ચાર પૈડાંનાં વાહન માટે 30 મિનિટ સુધીનો સામાન્ય પાર્કિંગ ચાર્જ રૂ.30 અને 30 મિનિટથી 120 મિનિટ સુધી રૂ.40 છે. પ્રીમિયમ કાર પાર્કિંગ માટે આ ચાર્જ અનુક્રમે રૂ.75 અને રૂ.80 છે. એક જ સમય, એક જ કાર છતાં ચાર્જમાં તફાવત કેમ? મુસાફરોની મુખ્ય ફરિયાદ એ છે કે પાર્કિંગમાંથી બહાર નીકળતી વખતે વસૂલાત થતી રકમ અંગે પારદર્શિતા રહેતી નથી. એક જ કાર સમાન સમયગાળા માટે પાર્કિંગમાં રહી હોવા છતાં ક્યારેક નિયમિત ચાર્જ કરતાં વધુ રકમ લેવામાં આવતી હોવાના આક્ષેપો છે. આવી સ્થિતિમાં વાહનચાલકો માટે એન્ટ્રી ટાઈમ, એક્ઝિટ ટાઈમ અને વસૂલ કરાયેલા ચાર્જની સ્પષ્ટ રસીદ મળવી અત્યંત જરૂરી બને છે. એરપોર્ટ ઓથોરિટી (AAI)ના પાર્કિંગ મેનેજમેન્ટ માટેના ટેન્ડર દસ્તાવેજમાં ઓટોમેટેડ પાર્કિંગ મેનેજમેન્ટ સિસ્ટમ અને પાર્કિંગ ફી તથા વધારાના સમયની ફી વસૂલવાની વ્યવસ્થા સ્પષ્ટપણે દર્શાવવામાં આવી છે. ફરિયાદો મુજબ વધુ ગેટ અને જરૂરી સેટઅપ ઊભું કરવા અંગે કોન્ટ્રાક્ટર તરફથી એવો જવાબ આપવામાં આવે છે કે તેમનો કરાર માત્ર એક એન્ટ્રી અને એક્ઝિટ માટેનો છે. જો આ દાવો સાચો હોય તો સવાલ એ થાય છે કે ચાર લેનની ઉપલબ્ધ સુવિધા હોવા છતાં કરારની શરતોમાં મુસાફરોની વધતી સંખ્યા અને ટ્રાફિકને ધ્યાનમાં રાખીને પૂરતી લેનની જોગવાઈ કેમ કરવામાં આવી નથી? AAI દ્વારા સુરત એરપોર્ટ માટે ઓટોમેટેડ વ્હીકલ પાર્કિંગ મેનેજમેન્ટ સિસ્ટમના સંચાલન અને પાર્કિંગ ફી વસૂલાત માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. ત્યારે AAIની દેખરેખ સામે પણ સવાલો ઊભા થયા છે.

જો વારંવાર ઓવરચાર્જિંગની ફરિયાદો મળી રહી હોય તો AAIએ માત્ર કોન્ટ્રાક્ટર પાસેથી સ્પષ્ટતા મેળવવાને બદલે એન્ટ્રી-એક્ઝિટ ડેટા, પાર્કિંગ રસીદો, CCTV ફૂટેજ અને વસૂલાતના રેકોર્ડનું ઓડિટ કરવું જોઈએ તેવી માંગ ઊઠી રહી છે.

રાજાએ એક રાત્રિ તપ કર્યું અને નામ પડ્યું તપ્તેશ્વર મહાદેવ

શ્રાવણમાં મહાદેવનો મહિમા

નાનપુરા વિસ્તારમાં આવેલું આશરે ૭૦૦ વર્ષ જૂનું તપ્તેશ્વર મહાદેવ મંદિર દક્ષિણામુખી શિવલિંગ નો મહિમા માટે જાણીતું છે. લોકવાયકા મુજબ ભાવનગરના રાજા વેપાર અર્થે સુરત આવ્યા ત્યારે નાવડી ઓવારા પાસે રોકાયા હતા. સ્વપ્નમાં મહાદેવે દર્શન આપી શિવલિંગ હોવાની જાણ કરાવી જીર્ણોદ્ધારનો આદેશ આપ્યો હતો. રાજાએ એક રાત્રિ તપ કર્યું હોવાથી મહાદેવનું નામ તપ્તેશ્વર પડ્યું હોવાની માન્યતા છે. સંતાનપ્રાપ્તિની માનતા પૂર્ણ થતાં રાજાએ પણ મહાદેવ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. મંદિરના મહારાજ કિરીટ દત્ત શુક્લના જણાવ્યા મુજબ, તેમની આઠમી પેઢી મંદિરની સેવા સાથે જોડાયેલી છે. શ્રાવણમાં અહીં રોજ આશરે ૫ હજાર બીલીપત્ર અર્પણ થાય છે.

મોબાઈલ જનરેશન હાથમાં કેમેરા જોઈ રોમાંચિત થઈ ઊઠી

(તસવીર : સતીષ જાદવ)

■ આજે વર્લ્ડ ફોટોગ્રાફિ ડેના દિવસે શાળામાં બાળકોને વિતેલા સમયના સાક્ષી એવા કેમેરાની જાણકારી આપવામાં આવી હતી. મોબાઈલના કેમેરાથી ફોટા પાતી જનરેશનના હાથમાં કેમેરા આવ્યા તો તેઓમાં કુતુહલ જોવા મળ્યું હતું.

મનપાના આરોગ્ય વિભાગને નમૂના ક્યારે લેવા તેની સમજ જ પડતી નથી!!

શ્રાવણ માસના છ દિવસ બાદ ફરાળી વાનગીના નમૂના લેવાયા!

૧૦ સંસ્થામાંથી સાબુદાણા, મોરૈયો અને ડ્રાયફ્રૂટ સહિત ૨૨ સેમ્પલ લેબમાં મોકલાયાં

જોકે, તપાસનો રિપોર્ટ આવે તે પહેલા હજારો કિલો ફરાળી વાનગી લોકોના પેટમાં પહોંચી ગઈ હશે

આ સંસ્થામાંથી સેમ્પલો લેવાયાં

શ્રી શ્રધ્ધા ટ્રેડીંગ	કતારગામ
રઘુવંશી ટ્રેડર્સ	પાલનપુર પાટીયા
સીટીસી એન્ટરપ્રાઇઝ	પાલનપુર પાટીયા, સુરત
વનમાળીદાસ ભગવાનજી	હરીપુરા, કાંસકીવાડ
ધનહર પ્રોડક્ટસ એલએલપી	ભાજીવાલી પોળ, ભાગળ
ન્યુ આદર્શ મસાલા એન્ડ ફ્લોર મીલષિકા	અપાટે પાસે, ભટાર રોડ
ન્યુ તુલસી કરીયાણા અને પ્રોવિઝન સ્ટોર્સ	ન્યુ ભટાર રોડ ઉધના મગદલ્લા રોડ
ન્યુ ગાયત્રી ફરસાણ અને સ્વીટ માર્ટ	આશીર્વાદ કોમ્પલેક્સ, કતારગામ મેઈન રોડ
અમર કિરાના સ્ટોર	હમઝા કોમ્પલેક્સ ઉન
મોદી ફૂડ પ્રોડક્ટ પ્રા. લિ.	બાલાભાઈની શેરી, સલાબતપુરા

સુરતઃ તહેવાર શરૂ થાય તે પહેલા જે તે ખાદ્ય પદાર્થના નમુના લેવા જોઈએ પરંતુ તેને બદલે શ્રાવણ માસને છ દિવસ વીતી ગયા છે ત્યારે સુરત મનપાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરનાં અલગ - અલગ વિસ્તારોમાં ફરાળી લોટ અને ફરાળી વાનગીઓનું વેચાણ કરતાં એકમો પર દરોડાની કાર્યવાહી હાથ ધરવાની સાથે - સાથે સેમ્પલ લેવામાં આવ્યા હતા. 10 સંસ્થાઓમાંથી સાબુદાણા, મોરૈયો, ફરાળી લોટ, ડ્રાયફ્રુટના 22 સેમ્પલો લઈ લેબમાં મોકલાયા હતા. જોવા જેવું છે કે આ સેમ્પલોની તપાસનો રિપોર્ટ આવશે ત્યાં સુધીમાં અનેક લોકોના પેટમાં ફરાળી વાનગીઓ ખવાઈ ગઈ અને પચી પણ ગઈ હશે. તંત્રએ ખરેખર તો શ્રાવણ માસની શરૂઆત થાય તે પહેલા સેમ્પલો લઈને તપાસ કરવી જોઈતી હતી કે જેથી શ્રાવણ માસમાં તેનું વેચાણ અટકાવી શકાય.

સંક્ષિપ્ત સમાચાર

BOB દ્વારા 80મા સ્વતંત્રતા દિવસ ઉજવણી કરવામાં આવી

સુરતઃ બેંક ઓફ બરોડા, સુરત અંચલ પરિસરમાં 80મો સ્વતંત્રતા દિવસ સમારોહ ઉજવવામાં આવ્યો. કાર્યક્રમ દરમિયાન મહાપ્રબંધક કે.કે. સિંહે ધ્વજવંદન કર્યું. આ અવસરે વિવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓનું આયોજન કરવામાં આવ્યું. સ્ટાફ સભ્યોના બાળકો માટે ફેન્સી ડ્રેસ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપ મહાપ્રબંધક નિર્મલ પટેલ, ભરતકુમાર ચાવડા, મુકેશ નવલ અને સહાયક મહાપ્રબંધક નિશી અવસ્થીની ઉપસ્થિતિએ આયોજનની શોભા વધારી હતી.

બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આઝાદી દિવસની ઉજવણી કરાઈ

સુરત. બેંક ઓફ ઈન્ડિયા, સુરત પ્રદેશે તેનો ૮૦મો સ્વતંત્રતા દિવસ ખૂબ જ ઉત્સાહ, ગર્વ અને દેશભક્તિ સાથે ઉજવ્યો. આ કાર્યક્રમની શરૂઆત પ્રાદેશિક મેનેજર રાજેશ કુમાર દ્વારા ધ્વજવંદન દ્વારા કરવામાં આવી. તેમણે જણાવ્યું હતું કે, આપણને સ્વતંત્રતા વારસામાં મળી છે, પરંતુ તેનું જતન કરવું આપણી જવાબદારી છે. કાર્યક્રમમાં બેંકમાં કાર્યરત તમામ ભૂતપૂર્વ સૈનિકોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ડેપ્યુટી રિજનલ મેનેજર સુનિલ કુમાર, આસિસ્ટન્ટ જનરલ મેનેજર દિવ્યા દીક્ષિત , બેંક અધિકારીઓ અને કર્મચારીઓ, તેમના પરિવારો અને ગ્રાહકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન પાલન અધિકારી સંદીપ જૈન દ્વારા કરવામાં આવ્યું હતું.

દાઉદી બોહરા સમાજ દ્વારા આઝાદી પર્વની ઉજવણી કરવામાં આવી

સુરતઃ રૂદરપુરા વ્હોરવાડ (રહેમતપુરા, વજીહી મોહલ્લા)ખાતે દાઉદી બોહરા સમાજ અંજુમન-એ-તાહેરી દ્વારા બુરહાની ગાર્ડ્સ અને સૈફી સ્કાઉટના સહયોગથી ૧૫ ઓગસ્ટ સ્વતંત્રતા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં દાઉદી બોહરા સમાજના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સુરત માનવ સેવા સંઘ 'છાંયડોની' રક્તદાન શિબિરમાં 94 બોટલ રક્ત ભેગું થયું

સુરતઃ ૮૦માં સ્વતંત્રતા દિવસના અવસરે અલથાણ ભીમરાડ રોડ પર આવેલા નવનિર્મિત સ્વ. શ્રીમતી પદ્માબેન હસમુખભાઈ હોજીવાલા અને શ્રીમતી નર્મદાબેન લાલજીભાઈ ભાવાણી મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ ખાતે સુરત માનવ સેવા સંઘ - છાંયડો અને જીવનજ્યોત બ્લડ બેંક ના સંયુક્ત ઉપક્રમે શનિવાર, તા. 15મી ઓગસ્ટના રોજ સવારે 10:00 થી સાંજે 4:00 કલાક સુધી મેગા બ્લડ ડોનેશન કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં સમાજના વિવિધ વર્ગના દાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને કુલ 94 યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું. આ સેવાયજ્ઞમાં શ્રી શ્યામ પ્રચાર મંડળ, સુરત, અગ્રવાલ સમાજ જ્ઞાતિ સેવા સમિતિ, સુરત અને શ્રી સાલાસર હનુમાન પ્રચાર મંડળ સંસ્થાઓએ સહયોગી તરીકે જોડાઈને કેમ્પને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

કૃભકો હજીરા પ્લાન્ટમાં 80મા સ્વાતંત્રતા દિવસની ઉજવણી

સુરત : કૃભકો હજીરા પ્લાન્ટ ખાતે 15 ઓગસ્ટે કૃભકો ટાઉનશિપના ખુલ્લા મેદાનમાં 80મા સ્વાતંત્ર્ય દિવસની દેશભક્તિના ઉમંગ સાથે ઉજવણી થઈ હતી. કાર્યકારી નિયામક (ઓપરેશન્સ) તથા પ્લાન્ટ હેડ પી. ચંદ્ર મોહને રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો. કેન્દ્રીય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ વંદે માતરમ્ અને જન ગણ મન રજૂ કર્યા હતા, જ્યારે સુરક્ષા કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓએ માર્ચ પાસ્ટ કરી હતી. ચંદ્ર મોહને સ્વાતંત્ર્ય સેનાનીઓ અને શહીદોને શ્રદ્ધાંજલિ આપી 'આત્મનિર્ભર ભારત'ના નિર્માણમાં કૃભકોની જવાબદારી પર ભાર મૂક્યો હતો. 'From Challenges to Triumph' વિષય હેઠળ તેમણે ટીમવર્ક, શિસ્ત અને પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. સમારોહમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, કર્મચારીઓ-વિદ્યાર્થીઓને પુરસ્કાર વિતરણ બાદ તિરંગા યાત્રા યોજાઈ હતી.

SRKICES કોલેજમાં સ્વાતંત્રતા દિવસ ઉજવાયો

સુરતઃ શ્રી રામકૃષ્ણ ઇન્સ્ટિટ્યુટ ઓફ કોમ્પુટર એજ્યુકેશન એન્ડ એપ્લાઇડ સાઇન્સીસ સુરત ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાઈ હતી. આ પ્રસંગે સંસ્થાની ICMR એથિક્સ સમિતિના સભ્ય તેમજ જાણીતા માઇક્રોબાયોલોજીસ્ટ, અતિથી વિશેષ ડો. ફ્રેનીલ મુનીમ, સંસ્થાના આચાર્ય ડો જય બર્ગી, વિભાગીય વડાઓ , તમામ કર્મચારી ગણ, વિદ્યાર્થી મિત્રો અને NCC કેડેટસની ઉલ્લેખનીય હાજરી રહી હતી.

નક્ષત્ર સેફ બ્રેક કેસઃ ફરિયાદી દ્વારા સમાધાન પણ જામીન નામંજૂર

લોકર તોડી ૪.૩૦ કરોડના સોના-ચાંદીના દાગીના વેચવાના કેસમાં મહેશ દિયોરાએ જામીન અરજી કરી હતી

દલીલમાં જણાવ્યું હતું કે, ફરિયાદી સાથે સમાધાન થઈ ગયું છે પણ સરકારી વકીલે દલીલો કરતાં કોર્ટે જામીન ફગાવ્યા

સુરતઃ સિંગણપોર કોઝવે રોડ પર આવેલા 'નક્ષત્ર સેફ હાઉસ' નામના ખાનગી સેફ વોલ્ટના સંચાલકોએ ગ્રાહકોના કરોડો રૂપિયાના સોનાના દાગીના પર હાથ સાફ કરી લીધાના કેસમાં જેલવાસ ભોગવતાં સેફ વોલ્ટના માલિક મહેશ ડાહ્યા દિયોરાએ કરેલી જામીન અરજી સેશન્સ જજ જયેશકુમાર લક્ષ્મણભાઈ શ્રીમાળીએ ફગાવી દીધી હતી. આ કેસમાં આરોપી મહેશ દિયોરાની ધરપકડ કરવામાં આવી હતી. હાલ લાજપોર જેલમાં બંધ આરોપી મહેશ દિયોરાએ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જામીન અરજીની તરફેણમાં ફરિયાદી સાથે ખાનગી રાહે સમાધાન થઈ ગયું હોવાની રજૂઆત કરાઈ હતી. બીજી તરફ મૂળ ફરિયાદીએ પણ સોગંદનામું રજૂ કરી આરોપીના ભાઈ સાથે સમાધાન થયાનું અને હવે આગળની કાર્યવાહી કરવા ઇચ્છા ન હોવાનું જણાવી જામીન સામે વાંધો ન હોવાનું જણાવ્યું હતું. જ્યારે સરકાર પક્ષે મુખ્ય સરકારી વકીલ નયન સુખડવાલાએ તપાસ અધિકારીનું સોંગદનામું રજૂ કરી દલીલ કરી હતી કે આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી એકબીજાની મદદથી લોકર તોડાવી ફરિયાદી તથા અન્ય ભોગ બનનારાઓના ૪.૩૦ કરોડના સોનાના દાગીના કાઢી વેચી નાખ્યા હતા. આ ગંભીર પ્રકારનો ગુનો છે.

ગોલ્ડન ટેમ્પલમાં મુસાફરો સાથે મારામારી કરનાર વિદેશી યુવકનું અચાનક મોત

વિદેશી યુવાનની દરવાજા પર બેસવા માટે અન્યો સાથે માથાકૂટ થઈ હતી, બાદમાં પોલીસ ચોકીમાં જ મોતને ભેટ્યો

વિદેશી યુવક પાસેથી કાળી બેગ અને મોબાઈલ મળ્યો

તપાસ દરમિયાન વિદેશી યુવક પાસેથી એક કાળી બેગ મળી આવી છે, જેમાં કપડાં, ટુથબ્રશ જેવી રોજિંદી જરૂરિયાતની ચીજવસ્તુઓ મળી છે. બેગમાં વસઈથી બોરિવલી વચ્ચેની 10 રૂપિયાની એક મુંબઈ લોકલ ટ્રેનની ટિકિટ મળી છે. પોલીસના જણાવ્યા મુજબ તે મુંબઈથી દિલ્હી જઈ રહ્યો હતો પરંતુ તેની પાસેથી ગોલ્ડન ટેમ્પલ ટ્રેનની ટિકિટ પણ મળી નથી. તેની પાસે એક મોબાઈલ ફોન મળ્યો છે. હાલ પોલીસ તેના મોબાઈલનો પાસવર્ડ ડીકોડ કરવાની કોશિશ કરી રહી છે.

મૃતક પાસે પાસપોર્ટ કે વિઝા મળ્યા નથી

મૃતક યુવક કોણ હતો, તે ક્યા દેશનો નાગરિક હતો અને તેની પાસે પાસપોર્ટ કે વિઝા ક્યા પ્રકારના હતા તેની સત્તાવાર ઓળખ મેળવવાની કવાયત શરૂ કરી દેવામાં આવી છે. હાલ પોલીસે અકુદરતી મોતના કાયદેસરની નોંધીને શબને પીએમ અર્થે ખસેડ્યો છે. આ ઘટનાને લઈને સુરત રેલવે પરિસરમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

સુરતઃ સોમવારે મધરાતે મુંબઈથી દિલ્હી જતી ગોલ્ડન ટેમ્પલ ટ્રેનના જનરલ ડબ્બામાં એક વિદેશી નાગરિકે ભારે હોબાળો મચાવ્યો હતો. જનરલ ડબ્બાના દરવાજા પાસે બેસવા બાબતે વિદેશી નાગરિકે અન્ય મુસાફરો સાથે માથાકૂટ કરી મારામારી કરી હતી. ટ્રેનમાં સુરક્ષા માટે લગાડવામાં આવેલું ફાયર ઈન્સ્ટિંગ્યુશર (અગ્નિશામક યંત્ર) તોડી નાખ્યું હતું અને તેનો છંટકાવ ડબ્બામાં કરવા લાગ્યો હતો. આ મામલે મુસાફરોએ આરપીએફને જાણ કરી હતી. તેથી સુરત સ્ટેશન પર આરપીએફ અને જીઆરપીએ તેને ભારે જહેમત બાદ કાબુમાં લઈને સુરક્ષિત રીતે ટ્રેનમાંથી નીચે ઉતારીને પ્લેટફોર્મ પર આવેલી રેલવે પોલીસ ચોકી ખાતે લાવવામાં આવ્યો હતો. જ્યાં પુછપરછ દરમિયાન જ તેનું મોત થયું હતું. સ્મીમેર હોસ્પિટલમાં ફોરેન્સિક એક્સપર્ટ ડોક્ટરોની પેનલ દ્વારા પીએમ કરાયું હતું. હાલ મૃતકના મૃત્યુનું ચોક્કસ કારણ પેન્ડિંગ રાખવામાં આવ્યું છે. FSL અને હિસ્ટોપેથોલોજી વિભાગના રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શકશે.

સુરત મનપાના આરોગ્ય વિભાગનો ચાર્જ ડે.કમિ. નિધી સિવાચને સોંપાયો

સુરત : સુરત મનપાના આરોગ્ય વિભાગમાં ઈન્ચાર્જ મ્યુ.કમિશનર અને કલેક્ટર તેજસ પરમારે આજે મોડી સાંજે મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર કર્યો છે. અત્યાર સુધી આરોગ્ય વિભાગનો મોટાભાગનો વહીવટી કારભાર સંભાળતા આરોગ્ય અધિકારી ડો. ઉમરીગર પાસેથી ડિવિઝનલ હેડની જવાબદારી પરોક્ષ રીતે હટાવી હવે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર નિધિ સિવાચને સોંપવામાં આવી છે. ડો. ઉમરીગરનું સીધું રિપોર્ટિંગ હવે મ્યુ. કમિશનરને બદલે ડેપ્યુટી કમિશનર સિવાચને રહેશે. મસ્કતી હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ સિવાય આરોગ્ય વિભાગની મોટાભાગની કામગીરી અત્યાર સુધી ડો. ઉમરીગર સીધી રીતે મ્યુનિસિપલ કમિશનરને ફાઈલો અને રિપોર્ટ રજૂ કરતા હતા. ડે.કમિ. ગુરવની એએમસી ખાતે બદલી થયા બાદ જવાબદારીઓ ડો. ઉમરીગરને સોંપવામાં આવી હતી.

ફૂડ પોઈઝનિંગથી મોત બાદ તંત્ર દ્વારા 17 હોટેલ-રેસ્ટોરન્ટ સીલ

330 હોટેલ-રેસ્ટોરન્ટમાં સઘન ચેકિંગ, 208 એકમને નોટિસ, 1641 કિલો અખાદ્ય ખોરાકનો નાશ કરાયો

ઝોનવાઈઝ કામગીરીની વિગત

ઝોન	ચેક કરેલ હોટેલ / રેસ્ટોરન્ટની સંખ્યા	નાશ કરેલો ખોરાક (કિલો)	નોટિસ	બંધ કરેલ હોટેલ / રેસ્ટોરન્ટની સંખ્યા	દંડ
સેન્ટ્રલ	67	56.5	15	1	54500
વરાછા-એ	37	90	11	3	40000
વરાછા-બી	18	150.7	54	2	75900
રાંદેર	18	35	10	1	40000
કતારગામ	47	210	17	2	69500
ઉધના-એ	18	732	15	2	21500
ઉધના-બી	26	44	26	1	35600
અઠવા	68	53.5	29	3	35500
લિંબાયત	31	270	31	2	45000
કુલ	330	1641.7	208	17	417500

સુરતઃ શીતલ રેસ્ટોરન્ટમાંથી ખાવાનું ઓનલાઈન બનાવ્યા બાદ સમગ્ર પરિવાર ફૂડ પોઈઝનિંગમાં સપડાયા બાદ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરભરમાં વ્યાપક અને જડબેસલાક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. ફૂડ સેફ્ટી ઓફિસરો અને તમામ ઝોનના સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમો બનાવીને શહેરના તમામ ઝોનમાં કુલ 330 હોટેલ અને રેસ્ટોરન્ટનું સઘન ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. આ તપાસ દરમિયાન કિચન એરિયાની સાફ-સફાઈ, વાસી કે એક્સપાયરી ડેટવાળા ખાદ્ય પદાર્થોનો સંગ્રહ, ડેરી પ્રોડક્ટ્સ અને એડિબલ ઓઈલ અંગેનું ડિસ્પ્લે બોર્ડ, ફૂડ હેન્ડલર્સના મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ, પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ તેમજ કચરાના નિકાલ અને વપરાશમાં લેવાતા પાણીની શુદ્ધતાની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી હતી. આ વ્યાપક ડ્રાઈવ દરમિયાન આરોગ્ય વિભાગ દ્વારા ગંભીર ક્ષતિઓ અને અસ્વચ્છતા ધરાવતી 17 હોટેલ અને રેસ્ટોરન્ટને તુરંત અસરથી બંધ કરાવવામાં આવી હતી, જ્યારે કુલ 208 એકમોને નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત, સ્થળ પરથી મળી આવેલા કુલ 1641.7 કિલો અખાદ્ય અને વાસી ખોરાકના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો અને ગંદકી ફેલાવનારા એકમો પાસેથી રૂ. 4,17,500નો વહીવટી ખર્ચ વસૂલવામાં આવ્યો હતો.

અંકલેશ્વરમાં પ્લોટના નામે ઉધનાના 7 ભાગીદારની લાખોની ઠગાઈ

'ગ્રીન હેવન ઇન્ડિયા ડેવલોપર'ના ભાગીદારોએ પૈસા લઈ પ્લોટ બીજાને વેચી દીધો

ગુનામાં સંડોવાયેલા 7 ભાગીદાર

કેતનભાઇ અરવિંદભાઇ પટેલ, અમિતભાઇ અરવિંદભાઇ પટેલ (ઠે. દુકાન નં.૧૦૧, પહેલોમાળ, દીપરેખા કોમ્પલેક્સ, ઉધના મેઇન રોડ, સુરત, બંને રહે., હોરીજોન હાઇટ્સ, વેસુ વી.આઇ.પી રોડ, સુરત), ભુપેન્દ્રભાઇ ત્રીભુવનદાસ પટેલ, ચેતનાબેન ભુપેન્દ્રભાઇ પટેલ (બંને રહે., ખોડીયારનગર, કતારગામ, સુરત), જીગ્નાબેન નગીનભાઇ અમીન (રહે., મૈત્રી રો-હાઉસ, પાર્લે પોઇન્ટ, સુરત) ઉમેશકુમાર કેશવભાઇ પટેલ (રહે., કેદારધામ એપાર્ટમેન્ટ, એ.કે.રોડ, વરાછા), કલ્પેશભાઇ જયેન્દ્રભાઇ બારોટ (રહે., વિલાશનગર, સરદાર બ્રિજ પાસે, અડાજણ)

સુરતઃ અંકલેશ્વર તાલુકાના અડાદરા ગામે નોન-એગ્રીકલ્ચર (NA) પ્લોટ આપવાના બહાને નાણાં ઉઘરાવી અનેક રોકાણકારો સાથે છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

કઠોર ગામ ખાતે રહેતા અને બાંધકામ ક્ષેત્ર સાથે સંકળાયેલા અશ્વિનભાઈ ખોડાભાઈ નાવડિયાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, વર્ષ ૨૦૧૧ માં ઉધના મેઇન રોડ પર દીપરેખા કોમ્પલેક્ષમાં 'ગ્રીન હેવન ઇન્ડિયા ડેવલોપર લી.' નામે ભાગીદારી પેઢી ચલાવતા સાત ભાગીદારોએ અંકલેશ્વરના અડાદરા ગામે સર્વે/બ્લોક નંબર ૧૦૯ વાળી ૨૨,૪૦૦ ચો.મી. બીનખેતીની જમીન પર પ્લોટિંગનું આયોજન કર્યું હતું. તેમની લોભામણી જાહેરાતથી આકર્ષાઈને અશ્વિનભાઈ નાવડિયા તથા અન્ય રોકાણકારો જેવા કે વાલજીભાઈ સવાણી, રમેશભાઈ કાછડિયા, ઈશ્વરભાઈ ગઠીયા, સંજયભાઈ સુરાણી અને રાજેશભાઈ વાળંદ સહિતના લોકોએ પ્લોટ દીઠ રૂ.૩૪,૦૦૦ લેખે માસિક હપ્તાથી નાણાં ચૂકવ્ય